IJCRT.ORG ISSN : 2320-2882
INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)
An International Open Access, Peer-reviewed, Refereed Journal

# રાષ્ટ્રીય શિક્ષણનીતિ (NEP), 2020 અને શિક્ષક-પ્રશિક્ષણ

**Dr. Kirit R. Chauhan**
**Assistant Professor,**
**Shrirang Shikshan Mahavidyalaya, Bilimora**

**સારાંશ :**

આઝાદી પછી ભારતમાં રચાયેલા શિક્ષણ પંચો એ શિક્ષકોની લાયકાત, ગુણવત્તા, સેવાની શરતો, ફરજો, કામના કલાકો, શિક્ષકની તાલીમ શિક્ષકોના વિશેષ વ્યવસાયિક શિક્ષણનો પૂરતો પ્રબંધ, પ્રશિક્ષણની ગુણવત્તાનું ધોરણ જેવી બાબતો ઉપર વિશે ભલામણો કરી શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓનો વિકાસ કર્યો છે. શિક્ષણમાં ગુણાત્મક સુધારણા અર્થે શિક્ષકોના વ્યવસાયિક શિક્ષણ અને સજ્જતાનું મહત્ત્વપૂર્ણ સ્થળ છે. શિક્ષણ વિકાસની આ એક સફળ ચાવી છે. આ સંદર્ભમાં ઇત્કૃષ્ટ અધ્યાપકો/શિક્ષકોને તૈયાર કરવામાં પ્રશિક્ષણ સંસ્થા ઓ મોટું યોગદાન આપી રહી છે. શિક્ષક પ્રશિક્ષણ સંસ્થા ઓ અલાયદા ટાપુ સમાન છે. આવનારા વર્ષોમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ની શિક્ષક પ્રશિક્ષણ સંદર્ભે કરેલ ભલામણો શિક્ષણની અને શિક્ષકોની ગુણવત્તા સુધારી ઉત્તમ શિક્ષણ આપનાર સંસ્થાઓ બની રહેશે.

**પ્રસ્તાવના :**

ભારતે આઝાદીથી માંડીને અત્યાર સુધીમાં શાલેય શિક્ષણના ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. ખાસ કરીને સાક્ષરતા પ્રમાણ, માળખાકીય સુવિધાઓ, સાર્વત્રિક શૈક્ષણિક સુલભતા અને શાળા પ્રવેશનાં સંદર્ભમાં પ્રગતિ જોઈ શકાય છે. શિક્ષક-પ્રશિક્ષણના સંદર્ભમાં વર્તમાન સમયમાં બે મહત્વના પગલાં લેવામાં આવ્યા. (૧) પ્રાથમિક કક્ષાના શિક્ષણનાં સાર્વત્રિકરણની વાજબી માગણીને રાજકીય માન્યતા મળી છે અને (૨) મફત અને ફરજિયાત શિક્ષણ અધિનિયમ-૨૦૦૯ ના સ્વરૂપે બાળ હક્કના કાયદા અંગે રાજ્યોની પ્રતિબદ્ધતા. આને લીધે લાયકાત ધરાવતા પ્રાથમિક શિક્ષકોની માંગમાં અનેકગણો વધારો થયો. આપણા દેશે હવે આવનારા સમયમાં સારી લાયકાત અને વ્યવસાયી તાલીમ પામેલા શિક્ષકોની ભારે માંગની સમસ્યાને ઉકેલવાની છે. બીજી બાજુ ગુણવત્તાયુક્ત માધ્યમિક શિક્ષણની માંગ પણ એકધારી રીતે વધી રહી છે. ૨૦૦૫ માં રચવામાં આવેલ રાષ્ટ્રીય અભ્યાસક્રમ ફ્રેમવર્ક (એન.સી.એફ.)માં શિક્ષક પાસેથી વિવિધ અપેક્ષાઓ રાખવામાં આવી છે જેને શરૂઆતના તબક્કે તેમ જ સતત તાલીમ દ્વારા જ આ અપેક્ષાઓ સંતોષી શકાય. આ માટે રાષ્ટ્રીય શિક્ષણનીતિ, 2020માં શિક્ષક-પ્રશિક્ષણને અસરકારક બનાવવા માટે ભલામણો કરવામાં આવી છે.

**શિક્ષક-પ્રશિક્ષણ પાસે રાખવામાં આવતી અપેક્ષાઓ :**

એ વાત સ્પષ્ટ છે કે વિદ્યાર્થીઓની સિદ્ધિઓની ગુણવત્તા અને પ્રમાણનો આધાર શિક્ષકની ક્ષમતા, સંવેદનશીલતા અને શિક્ષકના પ્રોત્સાહન પર છે. એ પણ સુવિદિત બાબત છે કે વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પ્રાપ્તિ માટે અભ્યાસલક્ષી વાતાવરણ અને શિક્ષકનું શૈક્ષણિક તથા વ્યાવસાયિક સ્તર ઊંચું હોવું જોઈએ. શિક્ષકના પોતાના વિષયનું જ્ઞાનની ગુણવત્તા, વિવિધ પરિસ્થિતિઓમાં શિક્ષક માટે જરૂરી અધ્યાપન કૌશલોનું જ્ઞાન, વ્યવસાય પ્રત્યેની નિષ્ઠાની કક્ષા, સાંપ્રત સમસ્યાઓ અને મુદ્દાઓ પ્રત્યેની સંવેદનશીલતા અને શિક્ષકની ધગશ, વર્ગખંડમાં અભ્યાસક્રમના હેતુઓ સિદ્ધ કરવા માટે તથા વિદ્યાર્થીની શિક્ષા માટે અને સરવાળે સામાજિક પરિવર્તન માટે અતિ આવશ્યક બાબત છે. શિક્ષકની ગુણવત્તામાં અનેક બાબતોનો સમાવેશ થાય છે. જેમ કે-શિક્ષકોનું સમાજમાં સ્થાન, આર્થિક વળતર, કેવી પરિસ્થિતિઓમાં તેઓ કાર્ય કરે છે તે અને તેઓનું શૈક્ષણિક અને વ્યાવસાયિક શિક્ષણ. શિક્ષક તાલીમ પદ્ધતિ પાસેથી એવી અપેક્ષાઓ રાખવામાં આવે છે કે પોતાના પ્રારંભિક અને સતત ચાલતા વ્યાવસાયિક વિકાસ માટેના કાર્યક્રમો દ્વારા, દેશની શાળાઓ ચલાવવા માટે પૂરતી સંખ્યામાં સમર્થ શિક્ષકો પ્રાપ્ય બનાવે. પ્રારંભિક શિક્ષક પ્રશિક્ષણ શિક્ષકના ઘડતરમાં એક અગત્યની ભૂમિકા ભજવે છે. આ પ્રારંભિક શિક્ષક પ્રશિક્ષણ નવા દાખલ થયેલ ઉમેદવારોને આ વ્યાવસાયની મહત્તા સમજાવે છે અને ભાવિ શિક્ષકમાં મહત્વાકાંક્ષા, પાયાગત જ્ઞાન, અધ્યાપન ક્ષમતા અને માનવીય વલણોનું આરોપણ કરે છે.

**શિક્ષક-પ્રશિક્ષણ માટે કરવામાં આવેલી ભલામણો :**

**1.** શિક્ષક પ્રશિક્ષણ એ શાળાના શિક્ષકો માટે એક વાતાવરણનું નિર્માણ કરશે કે જે ભાવિ પેઢીને ઘડવાનું કામ કરશે. શિક્ષક તૈયાર કરવો એ એવી પ્રવૃત્તિ છે જેમાં બહુવિદ્યાશાખાકીય દૃષ્ટિકોણ અને જ્ઞાન, પ્રકૃતિ અને મૂલ્યોની રચના તથા શ્રેષ્ઠ માર્ગદર્શકની નિશ્રામાં મહાવરાના વિકાસની જરૂર છે . શિક્ષકો ભારતીય મૂલ્યો, ભાષાઓ, જ્ઞાન, સિદ્ધાંતો અને પરંપરાઓથી વાકેફ હોવા જોઈએ અને સાથે સાથે શિક્ષણની નવીનતમ બાબતો અને અધ્યાપનશાસ્ત્રના જાણકાર હોવા જોઈએ.

**2.** હકીકતમાં આ ક્ષેત્રમાં શ્રેષ્ઠતા અને નવીનતાના વિકાસને અટકાવવાનો પ્રભાવ નકારાત્મક પડ્યો છે. આ ક્ષેત્રમાં નિયમનકારી વ્યવસ્થા દ્વારા માપદંડો વધારવા અને શિક્ષણમાં શિક્ષકને નૈતિકતા, વિશ્વસનીયતા, અસરકારકતા અને ઉચ્ચ ગુણવત્તાને પુનઃસ્થાપિત કરવા વગેરે જેવા આમૂલ પરિવર્તનની તાત્કાલિક જરૂરિયાત છે.

**3.** અધ્યાપન વ્યવસાયની પ્રતિષ્ઠાને પુનઃસ્થાપિત કરવા માટે જરૂરી નૈતિકતા અને વિશ્વસનીયતાના સ્તરોમાં સુધારો કરાશે અને ત્યાં પહોંચવા માટે નિષ્ક્રિય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓ (TEIs) કે જે ગુણવત્તાનાં શૈક્ષણિક માપદંડ નથી ધરાવતા તેને ઉપચાર માટે એક વર્ષ આપ્યા પછી નિયમનકારી તંત્રને કડક હાથે કામ લેવાનો અધિકાર હશે. 2030 સુધીમાં શૈક્ષણિક રીતે સક્ષમ, બહુવિદ્યાશાખાકીય અને સંકલિત શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમો જ ચાલુ હશે.

**4.** જેમ શિક્ષક પ્રશિક્ષણ માટે બહુવિદ્યાશાખાકીય નિવેશો અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત વિષયવસ્તુની જરૂર છે, તેમ અધ્યાપનશાસ્ત્ર ઉપરાંત, બધા શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમો બહુવિદ્યાશાખાકીય સંસ્થાઓમાં સંયુક્ત રીતે હાથ ધરાવવા જોઈએ. બધા બહુવિદ્યાશાખાકીય વિશ્વવિદ્યાલયો, બહુવિદ્યાશાખાકીય સંસ્થાઓ અને મહાવિદ્યાલયોની સ્થાપનાનું લક્ષ્ય રાખશે. બીજી બાજુ બધા જ વિદ્યાશાખાકીય વિશ્વવિદ્યાલયો અને મહાવિદ્યાલયો શિક્ષણના વિવિધ આયામોના સંદર્ભમાં સચોટ સંશોધન હાથ ધરી શકે તેવા શિક્ષણ વિભાગની સ્થાપના ઉપરાંત બી.એડ્.કાર્યક્રમો, મનોવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન, સમાજશાસ્ત્ર, ન્યુરોસાયન્સ, ભારતીય ભાષાઓ, કલા, સંગીત, ઇતિહાસ, સાહિત્ય, શારીરિક શિક્ષણ, વિજ્ઞાન અને ગણિત જેવા અન્ય વિભાગોના સહયોગથી ચાલે એ આવશ્યક છે . દરેક શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાઓ (TEIs) વર્ષ 2030 સુધીમાં બહુવિદ્યાશાખાકીય સંસ્થાઓમાં રૂપાંતરિત કરાશે, કારણ કે તેઓએ 4-વર્ષીય સંકલિત શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમો આપવા પડશે.

**5.** ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ દ્વારા આપવામાં આવતી 4 વર્ષીય સંકલિત બી.એડ.ની પદવી 2030 સુધીમાં શાળાના શિક્ષકો માટે ન્યૂનતમ લાયકાત બની જશે. 4 વર્ષીય સંકલિત બી.એડ.માં મુખ્ય બે પૂર્ણ પદવીઓ જેમાં શિક્ષણ સ્નાતક (બી.એડ.)ની પદવીની સાથે ભાષા, ઇતિહાસ, સંગીત, ગણિત, કમ્પ્યુટરવિજ્ઞાન, રસાયણશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, કલા, શારીરિક વગેરે જેવા વિશિષ્ટ વિષયની સ્નાતકની પદવી પણ હશે. અસરકારક અધ્યાપનશાસ્ત્રના શિક્ષણ ઉપરાંત શિક્ષક પ્રશિક્ષણમાં સમાજશાસ્ત્ર, ઇતિહાસ, વિજ્ઞાન, મનોવિજ્ઞાન, બાળપણની કાળજી અને શિક્ષણ, પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન, ભારત અને તેના મૂલ્યો/ધર્મો/કલા/પરંપરાઓ અને બીજા ઘણાં બધાના આધારો પણ સામેલ હશે. ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ દ્વારા 4 વર્ષના સંકલિત બી.એડ્.ની સાથે સાથે સ્નાતકની પદવી ધરાવતા વિદ્યાર્થીઓ માટે 2-વર્ષનું બી.એડ્. પણ ચલાવી શકાય. વિશિષ્ટ વિષયમાં 4 વર્ષની સ્નાતક પદવી મેળવેલ વિશિષ્ટ વિષયની પદવી માટે ઉમેદવારો માટે 1-વર્ષનાં બી.એડ.ની જોગવાઇ આપી શકાય . હોશિયાર વિદ્યાર્થીઓને 4 વર્ષ, 2-વર્ષ અને 1-વર્ષનાં બી.એડ્.કાર્યક્રમો તરફ આકર્ષિત કરવાના હેતુથી ઉમેદવારો માટે શિષ્યવૃતિની જોગવાઈ કરવામાં આવશે.

**6.** ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમોમાં શિક્ષણ સંબંધિત વિષયો તેમજ વિશિષ્ટ વિષયોના નિષ્ણાતોની શ્રેણીની ઉપલબ્ધતાની ખાતરી કરશે. દરેક ઉચ્ચ શિક્ષણ સંસ્થા સંભવિત શિક્ષકો સાથે મળીને નજીકથી કામ કરવા માટે સરકારી અને ખાનગી શાળાઓનું નેટવર્ક ઉભું કરશે જ્યાં વિદ્યાર્થી અધ્યાપનની સાથે સમુદાય સેવા, પ્રૌઢ અને વ્યાવસાયિક શિક્ષણ વગેરે જેવી પ્રવૃત્તિઓમાં ભાગ લેશે.

**7.** શિક્ષક પ્રશિક્ષણમાં સમાન ધોરણો જાળવવા માટે, રાષ્ટ્રીય પરીક્ષણ એજન્સી દ્વારા પૂર્વ-સેવા શિક્ષક કાર્યક્રમોમાં યોગ્ય વિષય સાથે યોગ્યતાનાં પરીક્ષણો દ્વારા પ્રવેશ આપવામાં આવશે અને દેશની ભાષાકીય અને સાંસ્કૃતિક વિવિધતાને ધ્યાનમાં રાખીને પ્રમાણિત કરવામાં આવશે.

**8.** શિક્ષણ વિભાગોમાંની અધ્યાપક પ્રોફાઇલ વૈવિધ્યસભર રહે તેવું લક્ષ્ય રખાશે અને અધ્યાપન/શિક્ષણ ક્ષેત્ર/સંશોધનના અનુભવને ખૂબ મૂલ્યવાન ગણવામાં આવશે. સામાજિક વિજ્ઞાનના ક્ષેત્રોમાં તાલીમ પામેલ અધ્યાપકો જે શાળા શિક્ષણ સાથે સીધા સંબંધિત છે, જેમાં મનોવિજ્ઞાન, બાળવિકાસ,ભાષાશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, અર્થશાસ્ત્ર અને રાજકીય વિજ્ઞાન તેમજ વિજ્ઞાનશિક્ષણ, ગણિતશિક્ષણ, સામાજિકવિજ્ઞાન શિક્ષણ અને ભાષા શિક્ષણ વગેરેને આકર્ષિત કરી બહુવિદ્યાશાખાકીય શિક્ષણને મજબૂત બનાવવા શિક્ષણ સંસ્થાઓમાં જાળવી રાખવામાં આવશે જેથી સંકલ્પનાત્મક વિકાસને મજબૂતાઈ મળે.

**9.** મહાવિદ્યાલય અને વિશ્વવિદ્યાલયના શિક્ષકોના સતત વ્યાવસાયિક વિકાસ માટે હાલની સંસ્થાકીય વ્યવસ્થાઓ અને પહેલેથી શરૂ કાર્યક્રમો ચાલુ રખાશે; ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે જરૂરી સમૃદ્ધ અધ્યયન અધ્યાપન પ્રક્રિયાઓની આવશ્યકતાઓને પૂરી કરવા માટેતેમને સુદ્રઢ અને વિસ્તૃત કરવામાં આવશે. SWAYAM/DIKSHA જેવા તકનીકી મંચ (Platform)ના ઉપયોગ દ્વારા શિક્ષકોની ઓનલાઈન તાલીમને પ્રોત્સાહિત કરવામાં આવશે, જેથી ટૂંકા ગાળામાં મોટી સંખ્યામાં શિક્ષકોને પ્રમાણભૂત તાલીમ કાર્યક્રમો આપી શકાય. એક રાષ્ટ્રીય અભિયાનની સ્થાપના કરવામાં આવશે, જેમાં મોટી સંખ્યામાં વરિષ્ઠ/નિવૃત્ત

અધ્યાપકો હશે. જેમનામાં ભારતીય ભાષાઓમાં શીખવવાની ક્ષમતા હોય અને જે ઓ વિશ્વવિદ્યાલય/મહાવિદ્યાલયનાં શિક્ષકોને ટૂંકા અને લાંબા ગાળાના માર્ગદર્શન/વ્યાવસાયિક સહાય પ્રદાન કરવા માટે તૈયાર હોય.

**શિક્ષક-પ્રશિક્ષણમાં સુધારણાનું મહત્વ:**

શાળાકીય સેવા દરમ્યાન દરેક સ્તરે, દરેક અંતરાલે અને દરેક પ્રકારના માળખામાં શિક્ષકનો વ્યાવસાયિક વિકાસ અને વ્યાવસાયિક તૈયારી વચ્ચે એકીકરણની તાકીદની જરૂરિયાત છે. શિક્ષકનાં વ્યવસાયની જટિલતા અને મહત્વને ધ્યાનમાં રાખતાં એ ફરજિયાત બની ગયું છે કે આ શિક્ષક પ્રશિક્ષણનું સમગ્ર કાર્ય યુનિવર્સિટી કક્ષાનાં સ્તરનું હોવું જોઈએ અને કોર્ષની સઘનતા પણ એને અનૂરૂપ હોવી જોઈએ. પ્રાથમિક અને માધ્યમિક સ્તરે પ્રારંભિક શિક્ષક-પ્રશિક્ષણ સાથે અનેક સમસ્યાઓ જોડાયેલી છે જેમાંની કેટલીક સમસ્યાઓ સામાન્ય છે જયારે કેટલીક સમસ્યાઓ શિક્ષણના જુદાં જુદાં તબક્કા પૂરતી મર્યાદિત છે. વ્યાવસાયિક દ્રષ્ટિએ શિક્ષક-પ્રશિક્ષણને એક એવા અભ્યાસક્રમ તરીકે જોવામાં આવે છે જે બી.એડ. અને ડી.એડ. સાથે એકરૂપતા ધરાવે છે. (પ્રાથમિક શિક્ષણ કે જેને મૂળભૂત હક્કમાં સમાવિષ્ટ કરવામાં આવેલ છે અને વ્યક્તિ અને રાષ્ટ્ર વિકાસમાં તેની અગત્યની ભૂમિકા છે છતાં પ્રારંભિક પ્રાથમિક શિક્ષક-પ્રશિક્ષણને) ગંભીરતાથી લેવામાં નથી આવતું અને તેની સમસ્યાઓને અન્ય સમસ્યાઓ સાથે સામાન્ય શ્રેણીમાં મૂકવામાંઆવે છે. અભ્યાસક્રમનું જે માળખું અત્યાર સુધીમાં તૈયાર કરવામાં આવ્યું છે તે એટલું સામાન્ય છે કે પ્રાથમિક શિક્ષકને જુદાં જુદાં તબક્કે પડતી તાલીમની જરૂરિયાત માટે તે ઉપયોગી થઇ શકે તેમ નથી. ક્વોલિટી ટીચર એજ્યુકેશન માટે ૧૯૯૮માં રચિત અભ્યાસક્રમ માળખાંમાં પ્રથમ વખત જુદાં જુદાં તબક્કે તાલીમ માટે માર્ગદર્શક સૂચનાઓ આપવામાં આવી છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (૧૯૮૬) પછી ‘ડાયેટ’ની સ્થાપના, એક અગત્યનું કદમ હતું જેના દ્વારા પ્રાથમિક શિક્ષક-પ્રશિક્ષણના મુદ્દાને રાષ્ટ્રીય સ્તરે લઇ જવામાં આવ્યો. પ્રાથમિક શિક્ષક-પ્રશિક્ષણ માટેના અનેક ડિગ્રી કોર્ષ દેશમાં અને બહાર ચાલી રહ્યા છે જે વિકાસને આગળ ધપાવે છે. જ્યાં ચાર વર્ષનો સ્નાતક કક્ષાનો સંકલિત અભ્યાસક્રમ અથવા બે વર્ષનો બીજો સ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ આ નવા સ્વરૂપમાં રૂપાંતરણ નિશ્ચિત સમય મર્યાદામાં પૂર્ણ થઇ જવું જોઈએ, આ માટે શિક્ષકોના માર્ગદર્શકોને તૈયાર કરવાનો જે સમય લાગશે તેને પણ ધ્યાનમાં રાખવો જોઈએ. શિક્ષણના ભાવિ-દિશા અંગેના વિચારોને ધ્યાનમાં રાખી વર્તમાન અભ્યાસક્રમને સુધારતા રહેવો જોઈએ અને વધારે સઘન બનાવતા રહેવો જોઈએ. શિક્ષક-પ્રશિક્ષણની અવહેલનાનું બીજું ઉદાહરણ શિક્ષક તૈયાર કરતા માર્ગદર્શકની જરૂરિયાત પરત્વેની ઉદાસીનતા છે. એ સ્વીકારી લેવામાં આવ્યું છે કે શિક્ષકના ઘડતરમાં વર્તમાન વ્યવસ્થા સારી રીતે ચાલી રહી છે. પ્રાથમિક શાળામાં બાળકોને ભણાવવા ઉપરાંત આ ક્ષેત્ર સાથે સંકળાયેલ છે તેવા તમામ કાર્યની દેખરેખ એવા લોકો દ્વારા કરવામાં આવે છે જેને માધ્યમિક સ્તર માટે તાલીમ આપવામાં આવી છે અને આ સ્તરે જ તેઓએ અધ્યયન કરાવ્યું હોય છે. શિક્ષક-પ્રશિક્ષણ આપતાં માર્ગદર્શકોની તાલીમ એમ.એડ. કોર્ષ મારફત અપાય છે.

**ઉપસંહાર :**

આમ, શિક્ષકની તાલીમ આપતાં માર્ગદર્શકમાં અનેક વિદ્યાશાખાઓમાં વિદ્ધતા જરૂરી છે જેમ કે વિજ્ઞાન , સામાજિક વિજ્ઞાન, ગણિત અને ભાષાઓ. શિક્ષણ એ આંતર-વિદ્યાશાખાકીય જ્ઞાનનું ક્ષેત્ર છે અને આંતર-વિદ્યાશાખાકીય જ્ઞાન એટલે માત્ર કેટલીક મુખ્ય મુખ્ય વિદ્યાશાખાઓનો વિનિયોગ જ નથી તે એવા સંજોગો અને પરંપરા છે જ્યાં સૈદ્ધાંતિક અને પ્રાયોગિક જ્ઞાન સતત નિપજતું હોય. કોઈ સંકલ્પના કે વિચારને વ્યાખ્યાયિત કરતા સમજાવતા શબ્દોના ઘડતર પર વધુ ભાર મૂકીને શિક્ષણના વિષયમાં ચર્ચા-વિચારણાને પ્રોત્સાહિત કરવી એ ખૂબ અગત્યની બાબત છે. અને આ પ્રક્રિયા મારફત શિક્ષક-પ્રશિક્ષણને માહિતગાર કરવાનું છે અને તેનાથી માહિતગાર થવાનું છે. પરંપરાગત રીતે, માધ્યમિક શિક્ષક-પ્રશિક્ષણની સંસ્થાઓ યુનીવર્સિટીના શિક્ષણ વિભાગમાં વિકસી છે. એક સંયુક્ત જ્ઞાનધારા તરીકે તેમજ અલગ અલગ રીતે શિક્ષણના તમામ ક્ષેત્રોનો વિકાસ એ અગત્યની બાબત છે. અને આ પ્રક્રિયા શાળાના પર્યાવરણમાં તેમજ બાહ્ય-ક્ષેત્રિય શૈક્ષણિક પગલાંઓના દસ્તાવેજીકરણની પ્રક્રિયા અને સંશોધન દ્વારા શકય બને છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 એ આવનાર સમયમાં શિક્ષક પ્રશિક્ષણ સંદર્ભમાં નૂતન સુધારા થકી શ્રેષ્ઠ તાલીમી સંસ્થાઓ બની રહેશે. જે ઉત્તમ શિક્ષકો સમાજને આપશે.

**સંદર્ભસૂચિ :**


1. રાષ્ટ્રીય શિક્ષણનીતિ (2020), માનવ સંસાધન વિકાસ મંત્રાલય, ભારત સરકાર, ન્યુ દિલ્લી
2. Dr. Keshab Chandra Mandal (2020), National Education Policy 2020: The Key to Development in India, Delhi
3. Dr. Mehrota Dheeraj (2021), NEP-2020, At a glance for Educators
4. Kumar Rusen (2020), India’s National Education Policy 2020:An Ovrview, 2020